જા/ ૨૭૩ તા-૨૮/૦૩/૨૦૦૦

કામનંબર : ૪/૫

મોજે પાલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૪ (પાલ) તૈયાર કરવા અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદર હું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૦૯૮/૯૯

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે પાલ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૪ (પાલ):સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશના નકશા તથા સર્વે થયેલ ઓ.પી.પ્લાન વિ.બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોને આપવામાં આવી અને ઉક્ત વિગતોએ તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના તારીખ ૧૧-૧૦-૯૯ ના નગર રચના યોજનામાં કરવાની થતી કપાતનાં પરિપત્રની અને અત્રેથી અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીની માહિતીની ચર્ચા કરવામાં આવી. વધુમાં નગર રચના યોજના વિસ્તારની હાલની સ્થળસ્થિતિ મુજબ ખુલ્લો ખેતરાઉ વિસ્તાર હોઈ, તથા તાજેતરમાં જ એસ.એમ.સી./સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ બનેલ છે અને જેને સરકારશ્રીની મંજુરી મળેલ છે. તે સઘળી વિગતોની પણ ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યુ કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટાકલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રી સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પી-૬ (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે પાલ વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર યોજના નં.૧૪ (પાલ) સુડા સુરત (હદો સામેલ પરિશિષ્ટ મુજબની રહે છે.) બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના ઉપરોક્ત તા.૧૧-૧૦-૯૯ ના પરિપત્રની વિગતોએ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર

મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સબંધક જમીનમાલિક/કબ્જેદાર દ્વારા ક્યાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનુ અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુડાને અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવ્યુ.

-સર્વાનુમતે મંજુર -